'દેલવાડાકર' સીરિઝ.

"બાળ ગ્રંથાવળી નં–૧૧"

હરબાર્ટિયન રૂઢીના આધારે

કિન્ડરગાર્ટન–પાઠમાળા.

ભાગ પેહેલો

લખનાર

ગોપાળજી કલ્યાણજી દેલવાડાકર.

કિન્ડરગાર્ટન રૂઢીનો શિક્ષક તથા ગ્રંથકર્તા.

મુંબઈ.

ગુજરાતી પ્રીંટીંગ પ્રેસમાં છાપી છે.

સને ૧૮૯૯.

૭૨૮૯

દેલવાડાકર સીરિઝ.

હરબાર્ટિયન રૂઢીના આધારે.

"બાળ ગ્રંથાવળી નં-૧૧."

કિન્ડરગાર્ટન-પાઠમાળા.

ભાગ પેહેલો.

રચનાર.

ગોપાળજી કલ્યાણજી દેલવાડાકર.

કિન્ડરગાર્ટન રૂઢીના શિક્ષક તથા ગ્રંથકર્તા ઇ.

મુંબઈ:-

ગુજરાતી પ્રીંટીંગ પ્રેસમાં છાપી છે.

સને ૧૮૯૯.

સૂચના.

હરબાર્ટિયન રૂઢીના નિયમે ચાલીને આ પુસ્તક રચવામાં આવેલું છે. જો કે તેનો સઘળો વિષય અસલ કર્ત્તાનો નથી, તો પણ નિયમ તેનોજ છે. પ્રાથમિક કેળવણી લેનારાં નાનાં બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપનારી વસ્તુ-પદાર્થોનું જે પ્રદર્શન તેના મોં આગળ રજુ કરી મુકવામાં આવે છે, તે પદાર્થો વિષે નાની નાની કવિતા અથવા ગાયનો વડે શીખવવાનું વધારે પસંદ કરવામાં આવેલું છે. કેમકે તેમાં ત્રણ હેતુ પાર પડે છે. ગાયનથી કંઠ ખીલે છે. ટુંકમાં વર્ણનનો સમાસ થાય છે. તે સઘળો સદાને માટે યાદ રહી જાય છે. અને બાળકોને રમુજ મળે છે. આ હેતુ જાળવવા માટે '**કિન્ડરગાર્ટન** અથવા **બાળશિક્ષણ**'ના ત્રણ ભાગ પ્રકટ કરવામાં આવેલા છે, તેમાં નાની નાની કવિતાઓ છે, એટલુંજ નહિ પણ '**કિન્ડરગાર્ટન** અથવા **બાળબાગ**'નું રસિક પુસ્તક જુદું પ્રકટ કરવામાં આવ્યું છે, તેમાં સુંદર મધુરી રાગણીઓપર રમુજી વિષયો રચવામાં આવેલા છે, પરંતુ નાનાં બાળકોને વાંચન જ્ઞાન થવા, અને વકતૃત્વ શક્તિ ખીલાવવા, સંગીન વાંચન પાઠમાળાની જરૂર છે. આ અગત્યતા પાર પાડવા, આ '**પાઠમાળા**' રચવામાં આવી છે,

તેમાં નાનાં બાળકોના અનુભવમાં આવતી રમુજી વસ્તુઓનું વર્ણન કરેલું છે. આ વર્ણન, શરૂઆતનાં બાળકોને વધારે ઉપયોગી થઈ પડવાનો વિશેષ સંભવ છે. કેમકે ફ્રોબેલ્સની કેટલીક બાબતોના પાઠ આપ્વામાં આવેલા છે, એટલુંજ નહિ પણ જે પદાર્થો બાળકોએ અનુભવેલા છતાં તેના ભેદથી અજાણ રહેલા છે, તે ખુબી સાથે સમજાવેલા છે. હરબાર્ટિયન શિક્ષણના વિષયોથી આ નાનું પુસ્તક ભરપુર છે. ભાષા સાદી–સરળ અને મીઠાશ ભરેલી રાખેલી છે.

આ પુસ્તક, **'કિન્ડરગાર્ટનના મૂળ ભાગ'** પછી વાંચનજ્ઞાન તરીકે ચલાવવામાં આવશે, તો બેવડો લાભ થયા વિના રહેશે નહિ. આ પ્રથમ ભાગનું પુસ્તક, **પહેલી અને બીજી** ચોપડી શીખનારને ઉપયોગી થઇ પડે, એવો હેતુ રાખેલો છે. અને શિક્ષણના વિષયનો સંબંધ રાખીને રચવામાં આવી છે, એટલે અમો અનુભવથી ઇચ્છીએ છઇએં, કે આ પુસ્તક, વાંચનજ્ઞાન માટે જેટલું ઉપયોગી થઇ પડશે તેથી વિશેષ બીજી શીખવા લાયક બાબતો માટે અધિક ઉપયોગી થઇ પડશે.

શરદઋતુ ૧૯૫૫.
તા૦ ૧-૯-૯૯.

કર્ત્તા.

હરબાર્ટિયન રૂઢીના આધારે.

કિન્ડરગાર્ટન—પાઠમાળા.

ભાગ પેહેલો.

પાઠ ૧ લો.

સવાર.

સવારનો પહોર થવા પહેલાં કૂકડો પોતાના નિયમસર બોલે છે, એટલે કાગડા કા—કા કરવા માંડે છે. એ સાંભળીને નાનાં મોટાં પંખિઓ મધુરા રાગે બોલવા માંડે છે. તેઓ જાણે પોતાના પેદા કરનારને યાદ કરતાં હોય એવું લાગે છે. બાળકો વેહેલાં ઉઠીને દાતણ કરી, મોં હાથ ધોઇને સુરજને નમે છે. કેટલાંક આળસુ છોકરાંઓ પથારીમાં પડી રહે છે, તેથી પોતાનું વાંચવાનું રહી જાય છે, અને આળસને લીધે ભણવામાં પાછળ રહેવું પડે છે. સવારમાં વહેલાં ઉઠવાથી મન સારૂ રહે છે, અને નહાઇ ધોઇને કામે લાગવાથી દિવસ આનંદમાં જાય છે.

પાઠ ૨ જો.

મારી નિશાળ.

દરરોજ ઘંટ વાગતાંજ હું મારી નાની બેન સાથે નિશાળમાં દાખલ થઇ જઉં છું. અમે કોઈ દિવસ નિયમ ચૂકતાં નથી. અમારાં શિક્ષક અમને પોતાનાં બાળકો પેઠે હેતથી બોલાવે છે. કોઈ દિવસ રીસ ચડાવીને મારતાં નથી. અમને કંઈ આવડે નહિ તો પટાવી સમજાવી ધીમે ધીમે મગજમાં ઉતારે છે. એમ કરવાથી અમો હોંશથી શીખીએં છઇએં. નિશાળમાં અજવાળું અને હવા સારી છે. વળી ચોતરફ ઝાડ-પાન છે. એટલે ઘણુંજ રળિયામણું લાગે છે. અમારાં શિક્ષક અમને દરરોજ બાગમાં ફરવા લઇ જાય છે. વળી કસરત કરાવે છે અને ગીત ગવરાવે છે. નિશાળમાંહે રમકડાંએ રમવાની બહુ મજા પડે છે, ને તેથી શિક્ષકો શીખવાડે છે, એટલે કંટાળો આવતો નથી, પણ ઉમંગથી શીખવાને ગમે છે.

પાઠ ૩ જો.

દડાની પેટી.

બાળકોને રમવાનું બહુ ગમે છે. નિશાળમાં અમને ઘણું રમવાનું મળે છે. શિક્ષક, એક દડાની પેટી લાવીને અમને બતાવે છે. એ પેટીમાં છ દડા છે. તે સઘળા ઉનના બનાવેલા છે. તે ઉન જુદા જુદા રંગની છે. લાલ-પીળી-કેસરી -લીલી-આશમાની ને જાંબુડી. એ ઉપરથી અમો રંગ પારખીએ છઇએ. છ દડાને અમે છ વારનું નામ દઇએ છે સોમ-મંગળ-બુધ-ગુરૂ-શુકર ને શની. આ દડા નરમ છે. વજનમાં હલકા છે. ગોળ લીંબુ જેવા લાગે છે. શિક્ષક અમને તે દડા રમવા આપે છે. અમો ગીત ગાતાં ગાતાં રમીએ છઇએં અને કસરત કરીએં છઇએં. વળી દડાવડે ગણતાં શીખીએં છઇએં. આ દડાઓ અમને બહુ ગમે છે.

પાઠ ૪ થો.

રંગ—આકારની પેટી.

લંબ ચોરસ પેટી ઉઘાડતાં તેમા નાના નાનાં ખાનાં દેખાય છે તેમાં કાગળના જુદા જુદા રંગવાળા ચોરસ કડકા હોય છે. તે વડે અમો ઘણી જાતના રંગ પારખી શકીએં છઇએં. બીજા લાકડાના જુદા જુદા કડકાઓ છે, તેમાં ગોળ, લાંબું, ચોરસ, લંબગોળ, લંબચોરસ, છખુણીયું, ત્રિકોણ વગેરે હોય છે. એ ઓળખતાં અમને રમુજ પડે છે. કેમકે તે વડે અમે ચૂલા, ખુરસી, ટેબલ વગેરે બનાવીએં છે. તેમાંથી રંગ અને આકાર શીખવાનું મળે છે.

પાઠ ૫ મો.

લાકડાના દડાની પેટી.

ઉનના દડાની પેટીને મળતીજ આ પેટી છે. આ પેટીમાં એક ગોળ લાકડાનો દડો છે. તે ઉનના દડા જેવોજ છે પણ સફેદ અને કઠણ છે. વજનમાં તે ભારે છે, અને જમીન ઉપર પછાડતાં અવાજ થાય છે. તે ગબડી જાય છે તેથી તેને ગોળ કહીશું. કેમકે તેની સાથે એક ચોરસ ઘન છે. તે જમીનપર બરાબર બેસે છે. ઘનને છ બાજુ છે. આગલી, પાછલી, ડાબી, જમણી, ઉપર અને નીચે. જેમકે ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ, આકાશ ને જમીન. ઘનને આઠ ખૂણા છે. તેની લંબાઇ-પહોળાઇ અને જાડાઈ એક સરખી છે. તે બે આંગળ જેવડો છે. તેની સાથે પેંડાના આકારનો લંબગોળ કડકો છે. જેને અમે પીપ કહીએં છે. આ પેટીમાં ત્રણ ચીજ મળી આવે છે. ગોળ-લંબગોળ ને ચોરસ-આ ચીજો અમારી આગળ શીખેલો બાબતને મળતી આવે છે. ઘન વિષે બહુ સમજવાનું લાગે છે.

પાઠ ૬ ઠો.

કોડી, ચણોઠી ને લખોટાં

દરિયામાંથી કોડી નીકળી આવેલી હોય છે, અને ડુંગરો માંહેથી ચણોઠી લાવે છે. કોડી ધોળી હોય છે. ને ચણોઠી લાલ હોય છે. ચણોઠીને કાળી કીકી જેવી ટપકી દેખાય છે. કોડી અને ચણોઠી વડે અમો આંક શીખીયેં છઇયેં. તથા સરવાળા અને બાદબાકીના હિસાબ કરીયેં છે. વળી રંગ વાળાં લાકડાનાં ગોળ લખોટાં વડે જુદા જુદા આંક ને હિસાબ થઇ શકે છે. લોખંડની સળીમાં બારબાર નંગ ગોઠવેલાં હોય છે. તે લખોટાં ગણવાને બહુ મજા પડે છે. દરેક ચીજ નજરે દેખાડીને શીખવાડે છે, તેથી ભાર ઓછો થતો જણાય છે.

પાઠ ૭ મો.

કસરત.

નદિકાંઠે કે દરિઆ કાંઠે, અથવા મેદાનમાં કસરત કરવા જઇએ. પણ ઝાડ ઉપર કસરત કરવા માટે ઘણીજ ચાલાકી જોઇએ, આમલી, પીપળીની રમત બહુ મજાની છે. તોપણ અમને દડ રમવું બહુ ગમે છે. મેદાનમાં દોડવાનું સહેલું પડે છે . પોતાના સોબતીના ટોળામાં બહાદુરી બતાવીને દાવ જીતીએં છે. એથી શરીરના ભાગ નરમ રહે છે અને બેવડી ગમ્મત પડે છે. કસરત ઘણી જાતની છે. તેમાં દડાની રમત, બાળકો બહુ પસંદ કરે છે. સાંજે નિશાળમાંથી છુટીને કસરતના મેદાનમાં જઇએં છે. ત્યાં કોઈ ઝાડે હીંચકા ખાય છે. કોઈ દડ રમે છે ને કોઇ દંડ વડે કસરત કરે છે.

પાઠ ૮ મો.

રસ્તામાં રઝળવું નહિ.

નિશાળમાં સાંજના ચાર વાગે છુટીનો ઘંટ થાય છે, એટલે છોકરાં પોતાનું દફતર બાંધી તૈયાર થઈ રહે છે, અને શિક્ષકની રજા થઈ કે નમીને સઘળાં ઘેર જાય છે. રસ્તામાં કોઈ નઠારાં છોકરાં લડે છે. ભૂંડી ગાળો દે છે, તો કોઈ સારાં છોકરાં વચ્ચે પડીને ટંટો પાર પાડે છે. કોઈ તો પાધરાં રઝળવા જાય છે. અને મોડી રાત થતાં સુધી ઘેર જતાં નથી. તેનાં માબાપો શોધવા નીકળે છે. તોપણ સંતાઈ જાય છે. તેમની એવી ચાલ માટે ઘણી ફરિઆદ થાય છે પણ રઝળવાની ટેવ પડી તે જતી નથી. એથી ઘણી વખત અંધારામાં અથડાઈને પડે આખડે છે. કાં તો માંદાં પડે છે, અને કાં તો કોઈ સાથે લડીને માર ખાય છે. એવાં છોકરાં તેનાં માબાપને કે શિક્ષકને કડવાં લાગે છે. બહુ રઝળવાની ટેવ પડવાથી તેના શરીરને જેમ નુકસાન થવાની બીક રહે છે. તેમ તેના ભણવામાં પણ તે પાછળ પડે છે. આવાં રઝળુ છોકરાં પાછળથી પસ્તાય છે.

પાઠ ૯ મો.

છુટી.

અઠવાડિઆમાં એક દિવસ રજાનો આવે છે. તેને રવિવાર કહીએ છઇએ. નિશાળમાં છ દિવસ જઈએ છઇએ. છ વારનાં નામ, સોમ, મંગળ, બુધ, ગુરૂ, શુકર ને શની, રમવાના દહડા છ છે. ધનની બાજુ પણ છ છે. રજાના દિવસની આગલી રાતને અમે સોનેરી રાત કહીએ છઈએં. કેમકે તે રાતે રમત ગમત કરવામાં મજા પડે છે. સવારે રજા હોય છે. તે દિવસને રૂપેરી દહાડો કહીએં છે. રજાના દિવસે કંઇ કંઇ જાતનું રમવાનું હોય છે. ઘણીવાર નિશાળ માંડિએ છે. કાં તો નવા બગીચા બનાવીએં છે. અને નહિ તો નદિને કાંઠે જઇ આરામ લેવાની જગ્યા સાફ કરીએં છે. છુટીના દિવસે મિત્રો એકઠા થાય છે. ગાયન ગાઇએં છે. સંપ વધારીએં છઈએં. કોઈ કોઇવાર મેળાવડો કરીને છટાદાર ભાષણ કરીએં છઇએં. આખો દિવસ આનંદમાં જાય છે. પણ રમતમાં રહીને પોતાનું લેસન વીસરી જતા નથી.

પાઠ ૧૦ મો.

ભાઈ-બેન.

મારી બેન મને ઘણી વહાલી લાગે છે. મારી સાથે હળીમળીને રહે છે. મીઠું મીઠું બોલે છે. સુંદર ગીત ગાય છે. બાગમાં ફરવા આવે છે. ફુલ ચુંટવા લાગે છે. તોરો કરીને મને ભેટ આપે છે. હું પણ તેને રાજી રાખવા ઢીંગલીની ભેટ આપું છું. તેનું દીલ કોમળ છે. મને ઉદાસ જોઇને તે મનથી બળે છે. મને તે બહુ ચાહે છે. મારી બેન દયાળુ દીલની છે. તે ગરીબને મદદ કરે છે. સખાવત તેને વહાલી છે. માબાપની સેવા કરવાને તેણી નાનપણથી શીખે છે. ઘરકામમાં કુશળતા બતાવે છે. વેહલી ઉઠીને પોતાનું કામ ખંતથી કરે છે. તેની બેહેનપણીઓ તેને ચાહે છે, કેમકે તે ગરવી ને નમણી છે.

પાઠ ૧૧ મો.

મારૂં ઘર.

મારા ઘરને ઘણી બારીઓ મૂકેલી છે. તેમાંથી સુરજ ડોકીઆં કરીને અમને જોય છે. રાતે ચંદ્રમા પણ પોતાનાં રૂપેરી કીર્ણો નાંખે છે. પવન તો અમારી સાથે રમત કરે છે. અમે અગાસીમાં બેસીને તારા સાથે રમત કરીએં છે. અમારૂં ઘર અમને બહુ વા'લું લાગે છે. અમારાં માત-પિતા તથા ભાઇ બહેનો મળીને અમો હસતાં હસતાં ખુશી થતાં ખાઇએં પીએં ને રહીએં છઇએં. અમને સંપ વહાલો છે. એટલે અમારૂં ઘર પણ અમને બહુજ વહાલું લાગે છે.

પાઠ ૧૨ મો.

મામાનું ઘર.

મા પોતાને પિયર જાય છે; અને પોતાનાં મા બાપ તથા ભાઇની સાથે થોડા દિવસ રહે છે. મને પણ મામાને ઘેર સાથે લઇ જાય છે. મારી મામી બોલકી છે. મીઠા બોલી છે તેથી મને હસાવે છે. રમાડે છે. હેત કરીને ખાવાનું આપે છે. મારા મામા મને બજારમાં લઇ જઈને મિઠાઇ તથા રમકડાં પણ અપાવે છે. મામાનું ઘર જો ગામડામાં હોય છે, તો પોતાના ખેતરમાં લઇ જઇને લીલો પોંક ખવરાવે છે. જો મકાઈ થઇ હોય તો તેના દાણા સેકીને મરી મસાલો મૂકી ખાવા આપે છે. ખેતરોમાં પાક લીલા હોય છે. ત્યારે બહુ સુંદર દેખાય છે. મામાના ઘરની મજા અમને બહુ યાદ આવે છે. એનું વર્ણન અમો અમારા પિતા પાસે કરીએં છે.

—

પાઠ ૧૩ મો.

અમારાં પાળેલાં જનાવરો.

કૂકડાં, બિલાડાં, કુરકુરીઆં ને મેંઢાં એ અમારાં પાળેલાં જનાવરો છે. કૂકડાંને દરરોજ ચણ નાંખીએં છે. તે ઇંડા મૂકે છે. અને તેને સેવે છે, તે જોઇને અમને લાગે છે કે માબાપ પણ પોતાનાં બાળકોને કેટલા જતનથી સેવે છે? બિલાડીને અમે દુધ પાઇએં છે. તેણી એવી ચપળ છે કે ઘી વગર રોટલી ખાય નહિ. તે ઉંદરને પકડી. પાડે, તેથી અમે પાળીએં છે. ઉંદરોની રંજાડ ઘણી હોય છે. રાતે સુવા દે નહિ. અને કપડાં કરડી ખાય. કુરકુરીઆં નાનાં હોય, ત્યારે વહાલાં લાગે છે તેને અમે દુધ ને રોટલી ખવરાવીએં છે. તે મોટાં થાય છે, એ વેળા બહુ કામ આવે છે. કૂતરાં પાળવાને અમને બહુ ગમે છે. અમારાં ગરીબ મેંઢાં અમારી સાથે આખો દહાડો રમે છે. બધાં જનાવરોમાં બકરી બેન ને ઘેંટાભાઈ ગરીબ છે. અમો તે સઘળાંને હેતથી રમાડીએં છે.

પાઠ ૧૪ મો.

અમારાં રોપેલાં ઝાડો.

વરસાદના દિવસોમાં આંબા ઉગે છે. જેઠ મહિનામાં કેરી પાકે છે. ને તેના ગોટલા જમીનપર પડી રહેવાથી વરસાદને લીધે તે ફૂટે છે. તેને અમે કુંડામાં વાવીએં છઇએં, અને અમારી ફુલવાડીમાં રોપીને ઉછેરીએં છઇએં-પિતાજીને ગુલાબ વહાલું છે, ને માતાજીને મોગરો ગમે છે. અમે એ ફુલોને હમેશાં ચુંટીને તોરો બનાવીએં છે. તેનું જતન કરીએં છે. વળી પેરડી-દ્દાડમડી-આથડી વગેરે ફળનાં ઝાડોને ઘણી સંભાળથી ઉછેરીએં છે. બોરડીનાં બોર મીઠાં લાગે છે પણ તે કાંટાળી હોવાથી તેને વાવતાં નથી. અમારા બાગમાં અમે પાણી સીંચીને ઝાડને તાજાં કરીએં છે. વેલાઓ, છેક બારીને છજાં પર જાય છે. અમારા મંડપ ઉપર વેલા પથરાય છે. ત્યારે તેની નીચે બેસીને અમે આનંદથી ગાઇએં છે. હવા ખાઇએં છે. ફુલો સુગંધી દે છે, અને ફળો મિઠાશ દે છે. અમારાં માબાપ કહે છે કે હવે તમે મહેનતનું ફળ મેળવ્યું.

પાઠ ૧૫ મો.

અમારૂં ધર્મ—જ્ઞાન.

અમને અમારા ધર્મની બાબત શીખવી પડે છે. ધર્મગુરૂ આવીને અમારી ફરજ સમજાવે છે. માબાપની સાથે અને ઈશ્વર સાથે કેવું હેત રાખીને ચાલવું, એ સમજાવે છે. કોની કોની સેવા કરવી? ગુરૂ, મા બાપ, રાજા ને ઈશ્વર, એ ચારને નમીને ચાલવું. અમારી ધર્મનો રૂઢી બતાવીને મંદિરમાં જવાનો બોધ કરે છે. ત્યાં ધિરજથી મન સાચવીને બંદગી કરવાંનું શીખવે છે. અમને તેથી મજા પડે છે. અમારૂં મન રાજી રહે છે. સારી ચાલ ચાલવાની ટેવ પડે છે. નીતિનાં નેક કામ કરતાં આવડે છે. સંપ, દયા ને નમનતાઇથી આપણે સઘળાંને સારાં લાગીએં છે. અમે અમારૂં ધર્મ, જ્ઞાન ઘણાં ઉમંગથી શિખીએં છે.